## ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૦૦/૨૦૨૩, તા.૨૧/૦૮/૨૦૨૩

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૪/૦૮/૨૦૨૩ થી તા.૨૦/૦૮/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

હાર્બર પોલીસ સ્ટેશનના ગુમ.રજી.નં.૦૪/૨૦૨૩ તા.૧૫/૦૮/૨૦૨૩ અન્વયે ગુમ થનાર ગનીભાઇ ઉર્ફે જેન્તી માવજીભાઇ બારૈયા ઉવ.૩૭ જાતે-કોળી ધંધો-મચ્છીનો રહે. ખેરાગામ તા. રાજુલા જીલ્લો-અમરેલી વાળાને તા.૧૮/૦૮/૨૩ ના રોજ હાર્બર પો.સ્ટે. ના આર.એફ.ચૌધરી એ.એસ.આઇ. શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર-૨:-શાળા, કોલેજ માં ચર્ચા/ડીબેટ અથવાતો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યા હોયઃ-**

હાર્બર મરીન પોલીસ સ્ટેશનના સી ટીમ દ્વારા તા.૧૬/૦૮/૨૦૨૩ જાવર ગામ માધ્યમીક શાળા વિઝીટ કરી વિધાર્થીઓને ગુડટચ તથા બેડટચ બાબતે તથા અન્ય જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ તથા સીનીયર સીટીજનની મુલાકાત કરેલ.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોયઃ-**

(૧) કિર્તિમંદીર પોલીસ સ્ટેશન માં નોંધાયેલ કિ.રૂ ૪૫,૦૦૦/- ની BSNL કંપનીના કેબલ ચોરી અંગેના નોધાયેલ ગુનાના આરોપીઓ તથા મુદ્દામાલને સત્વરે શોધવા સારૂ ઉપરી અધિ.શ્રીની સુચના મુબજ કિર્તિમંદીર ડી-સ્ટાફ PSI શ્રી આર.કે.કાંબરીયા તથા ડી-સ્ટાફના માણસો સદર ગુન્હાના ચોરાયેલ મુદ્દામાલ શોધવા કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ નેત્રમ મારફતે સી.સી.ટી.વી ચેક કરી આરોપીઓની ઓળખ કરી આરોપીઓને શોધવા પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ડી-સ્ટાફ PSI તથા પોલીસ સ્ટાફના સંયુક્ત રાહે બાતમી હકીકત મળેલ કે સદર એમ.જી.રોડ પર અંડર ગ્રાઉન્ડમા લગાવેલ કેબલ ચોરી કરનાર ઈસમો ચોરી કરેલ કેબલ વેચવા માટે નિકળેલ છે અને લકડી બંદર પુલ પાસેથી પસાર થનાર છે જે હકીકતના આધારે સત્વરે એક ટીમ બનાવી લકડી બંદર બન્ને બાજુ ગોઠવાય જઈ વોચ તપાસ કરી રહેલ હતા તે દરમ્યાન બાતમી વાળી તથા CCTV ફુટેજમાં જોવામાં આવતી વર્ણન વાળી એક છકડો રીક્ષા જેના આર.ટી.ઓ રજી નંબર GJ 11 UU 1510 વાળી છકડામા સવાર થઈ ચાર ઈસમો ત્યાથી પસાર થયા ત્યાજ તેઓને કોર્ડન કરી રોકાવતા છકડો ચાલક તથા પાછળ સવાર એક ઈસમ રીક્ષામા પડેલ એક પ્લાસ્ટીકની

કોથળી લઈ ભાગવા જતા તેને પકડી પાડી ત્યાજ ઉભા રખાવી છકડો રીક્ષામા સવાર અન્ય ઈસમોને કોર્ડન કરી બધાને સાથે રાખી પુછપરછ કરતા પોતાની પાસેની એક લીલા કલરના પ્લાસ્ટીકના બાચકામા રહેલ સામાન ચારે ઈસમોએ એક બિજાની મદદગીરી કરી એમ.જી.રોડ પરની બેલ્ટહાઉસ નામની દુકાન પાસે,જાહેર રોડ ઉપરની ખોદેલ નેરીમાથી ગ્રાઈન્ડર વડે કાપી ચોરી કરી પોતાની પાસેની GJ 11 UU 1510 વાળી છકડો રીક્ષાનો ઉપયોગ ચોરી કરવામા કરી ચોરી કરેલ કેબલનુ ઉપરનુ પ્લાસ્ટીક કુછડી રોડ પાસે ઝાડી ઝાખરામાં લઈ જઈ કેબલ ઉપરનુ પ્લાસ્ટીક બાળી નાખી અંદરથી નિકળેલ કોપરનો કેબલ વેચવા માટે જઈ રહેલ હતા જે વિગેરે મતલબની હકીકત જણાવતા હોય જેથી સદર કામે ચોરીમા ગયેલ ચોર મુદ્દામાલ ગણતરીના કલાકોમા શોધી કાઢી તથા ચોરી કરવામા ઉપયોગમા લેવાયેલ છકડો રીક્ષા GJ 11 UU 1510 વાળી તથા ગ્રાઈન્ડર કબ્જે કરી તમામ આરોપીઓને તા.૧૭/૦૮/૨૦૨૩ ક.૧૭/૩૦ વાગ્યે અટક કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપી (૧) વસીમ મામદ કુરેશી ઉ.વ ૨૬ ધંધો ઠાઠુ રીક્ષા ડ્રાઈવિંગ રહે નવો કુંભારવાડૉ શેરી નંબર ૨૯ પોરબંદર(૨) સાઝીદ હનીફ હિંગોરજા ઉ.વ ૨૧ ધંધો રીક્ષા ડ્રાઈવિંગ રહે પંચાયત ચોકીના ગેટ પાસે છાંયા પોરબંદર(૩) મક્સુદ મોહમ્મદ હુસેન ભટ્ટી ઉ.વ ૨૫ રહે. જમાદાર ફળીયુ હુસેની ચોક મેમણવાડા પોરબંદર(૪) તોફીક રઝાક હિંગોળજા ઉ.વ ૨૫ ધંધો ફેરી રહે.સીંધી ઝમતખાના તકીયા મેમેણવાડા પોરબંદર

(૨) કમલાબાગ પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રી વી.પી.પરમાર માર્ગદર્શન હેઠળ સદર ગુન્હાના ચોરીમાં ગયેલ મુદામાલ શોધી કાઢવા માટે કમલાબાગ પો.સ્ટે. સર્વલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ.શ્રી કે.એ.સાવલીયા તથા પોલીસ સ્ટાફ સાથે કમલાબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ હતા. દરમ્યાન પો.હેડ કોન્સ બી.કે.ગોહીલને બાતમીરાહે હકીકત મળેલ કે, એ.સી.સી ગ્રાઉન્ડમાં આવેલ બંધ પડેલ ફેકટરીમાં બાવળની કાંટમાં અમુક ઇસમો ભંગારની હેરાફેરી કરે છે. જે હકીકત આધારે સદર જગ્યાએ ઝડતી કરતા કૂલ -૩ ઇસમો લોખંડના (બીડ) ના ઢાંકણા નંગ-૪ ની હેરફેર કરતા હતા જેથી તમામ ઇસમોને લોખંડના (બીડ) ના ઢાંકણા બાબતે પુછતા પોતે દસ દિવસ પહેલા એમ.જી.રોડ પર આવેલ ગટરના બીડના ઢાંકણાની ચોરી કરી સદર જગ્યાએ સંતાડેલ હોવાની કબુલાત આપતા લોખંડના (બીડ) ના ઢાંકણા નંગ-૪ ની કિ.રૂ.૩૬,૦૦૦/- ગણી ઉપરોકત ગુન્હાના કામે કબ્જે કરવામાં આવેલ અને તમામ આરોપીઓ (૧) રાજુભાઇ ખોડાભાઇ પરમાર ઉવ.૨૯ રામદેનગર કોલીખડા ની ઉપર ગૌશાળા ની બાજુમાં પોરબંદર(૨) રાજુ ઉર્ફે કારૂ પન્નાભાઇ ભાટી (છત્રાણી) ઉવ.૨૪ રામદેનગર કોલીખડા ની ઉપર ગૌશાળા ની બાજુમાં પોરબંદર(૩) સુનીલ મધુભાઇ ચુડાસમા ઉ.વ.૨૧ હનુમાનરોકડીયા રોડ ખાડી કાંઠે ચામુડ માંના મંદીર પાસે પોરબંદર ધોરણસર અટક કરી ઉપરોકત ચોરીનો અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૧૪/૦૮/૨૦૨૩ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તાર તથા ચોપાટી વિસ્તરમાં શી ટીમની કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલીસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ. તથા અસ્માવતી રીવરફ્રંટ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે. તા.૧૬/૦૮/૨૦૨૩ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા સુદામા ચોક મંદિર ખાતે શી ટીમની કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગે સમજ કરેલ. તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ગોઢાણીયા

કોલેજ વિસ્તાર તથા બંગડી બજાર વિસ્તારમાં પેટ્રોલીંગ કરી તેમજ શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે. તા.૧૮/૦૮/૨૦૨૩ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમાં શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા સમજ કરેલ. તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તાર/બસ સ્ટેન્ડ વિસ્તારમાં તેમજ સ્કુલ, કોલેજ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા સમજ કરેલ. તા.૨૦/૦૮/૨૦૨૩ ના રોજ મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તાર/ અસ્માવતી રીવરફ્રન્ટ વિસ્તારમા શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર